
દાદા ભગવાન પરિવારનું

ઓગષ્ટ ૨૦૧૯

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# શબ્દોની અસર

**સંપાદકીય**

બાળમિત્રો,

હીન્દીમાં એક કહેવત છે, 'તોલ મોલ કે બોલ'. એટલે કે શબ્દો તોલી તોલીને બોલો.

ગુજરાતીમાં પણ કહેવત છે ને કે 'તલવારના ઘા રુઝાય પણ વાણીના ઘા ના રુઝાય'.

ઓહોહો... કેમ આટલું બધું ધ્યાન રાખવાનું ? વાણીથી આટલા બધા દુઃખ અપાઈ જાય છે ?

હા, આ બધું આપણે આ અંકમાંથી સમજવાનું છે. એક જ્ઞાનીઓ સમજી ગયા હતા કે વાણી ગમે તેમ વપરાય છે એના પરિણામ શું આવે છે.

માટે આવો, આ અંક વાંચીને આપણે સાચવીને બોલતા શીખીએ.

- ડિમ્પલ મહેતા

Akram Express




વર્ષ : ૧૧, અંક : ૧૨
સળંગ અંક : ૧૩૨
ઓગષ્ટ ૨૦૧૯



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2019, Dada Bhagwan Foundation
All Rights Reserved




લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# HAPPY BIRTHDAY!
## Akram Express

આજે હું તમારી સાથે મારી પર્સનલ વાતો શેર કરવાનો છું. જેમ બહાર જતી વખતે તમને તમારા મમ્મી તૈયાર કરે...એમ મને આખી ટીમ તૈયાર કરે છે.

### હેલો ફ્રેન્ડસ,

હું છું તમારો ફ્રેન્ડ અક્રમ એક્સપ્રેસ.....આજે મારો બર્થ ડે છે. હું તમારા બધાની સાથે સેલિબ્રેટ કરવા આવ્યો છું. તમને ખબર છે, આજે હું ૧૧ વર્ષનો થયો. પૂજ્યશ્રીની ભાવનાથી મારો જન્મ થયો. પૂજ્યશ્રીએ મારા જન્મ પહેલા પણ અને પછી પણ મારી ખૂબ સંભાળ લીધી છે... ખાસ તમારા માટે... જેથી તમને મારી કંપની ગમે. અને સાચે જ તમે બધાએ મને ખૂબ પ્રેમ આપ્યો છે. હું પણ દર મહિને રાહ જોતો હોઉં છું કયારે ૮ તારીખ આવે અને કયારે હું તમને બધાને મળું.





તમને ગમે એવી વાર્તા લખાય.



સરસ ચિત્રો દોરાય



રંગબેરંગી કલર પૂરાય



આજુબાજુની ડિઝાઇન બને એટલે હું તૈયાર



પછી પ્રેસમાં છપાવવા જાય



અને હું તમારા ઘરે આવી જઉં.

આજે હું તમારા બધા માટે રીટર્ન ગીફ્ટ લાવ્યો છું....હૂરરરરે....

# કન્વર્ટ એન્ડ પ્લે


ડોન્ટ વરી મિસ્ટર મેનન. તમારી દીકરી, સુરભી હવે સ્ટેબલ છે. જડબામાં ફ્રેક્ચર છે, જેથી બે મહિના સુધી એ બોલી નહીં શકે.
આપણે મારી ઓફિસમાં થોડી ડિટેલ્સ ડિસ્કસ કરી લઈએ. ત્યાં સુધી સુરભીને ઈન્જેક્શનનું ઘેન ઉતરી જશે અને એને ભાન આવી જશે.
જેવા ડોક્ટર અને મિ.મેનન રૂમની બહાર નીકળ્યા, હોસ્પિટલ રૂમના ખૂણામાં ઊભેલા સુરભીના ફ્રેન્ડસને હાશ થઈ.
થેંક ગોડ, સુરભીને બે મહિનામાં સારું થઈ જશે. પણ એનાથી વધારે સારી વાત તો એ છે કે એ બે મહિના બોલી નહીં શકે.
બે મહિનાની પરમ શાંતિ
યાર, બે જ મહિનાની કેમ ? આઈ વોન્ટ મોર શાંતિ.
અને ત્રણેવ હસી પડ્યા.
બીજા દિવસે, મોઢું લટકાવીને સુરભી પોતાની રૂમમાં બેઠી હતી.
શું વિચારી રહી છે મારી પ્રિન્સેસ.




- કોઈની મશ્કરી કરીએ, કોઈને આક્ષેપ આપીએ એ બધું જોખમ છે.


ડેડીએ 'કન્વર્ટ એન્ડ પ્લે'નું બટન દબાવ્યું.
જ્યુસમાં એક ગાજર નાખશો તો મને વધારે ભાવશે.
છે ને ઈન્ટરેસ્ટીંગ ફંક્શન. સુરભી, જો તું ફક્ત 'પ્લે'નું બટન દબાવીશ તો એ તારા મનના સિગ્નલ વાંચીને એ જ રીતે બોલશે.
પણ જો 'કન્વર્ટ એન્ડ પ્લે'નું બટન દબાવીશ તો એ જ વાત, સ્પીકર મધુર અને પોઝીટીવ શબ્દોમાં બોલશે.
તે દિવસે સાંજે સુરભીના ફ્રેન્ડસ એની ખબર જોવા આવ્યા. તેમની સાથે બોર્ડ ગેમ રમતા, સુરભીએ હેડફોન્સ પહેરીને 'કન્વર્ટ એન્ડ પ્લે'નું બટન દબાવ્યું.
એ એ એ...નો ચીટીંગ રવિ. ઓ.કે ?
ઓકે, ઓકે. મેડમ
સ્પીકરના શબ્દ સાંભળી અને રવિનું હાસ્ય જોઈને, સુરભીને નોટીસ થયું કે શબ્દ તો એના મનના જ હતા, પણ ટોન મધુર હતો.


મતલબ એમ કે શું શબ્દ બોલાય છે, એ જ મહત્વનું નથી. પણ એ કેવા ટોનમાં બોલાય છે એ પણ એટલું જ ઈમ્પોર્ટન્ટ છે.
'કન્વર્ટ એન્ડ પ્લે'ના દરેક શબ્દને સુરભી ધ્યાનથી ઓબ્સર્વ કરવા લાગી. ધીરે ધીરે, સુરભીની મહીં જ નેચરલ કન્વર્ટર ગોઠવાઈ ગયું.
બે મહિના પછી,
હાય એવરીવન.
હાય સુરભી. તારો અવાજ સાંભળીને કેટલું સારું લાગ્યું. સ્પીકરનો અવાજ સાંભળીને બોર થઈ ગયાં હતાં.
આ સાંભળી, સુરભીની આંખો ભીની થઈ ગઈ. તે દિવસે હોસ્પિટલ રૂમમાં, એના વિષે વાતો કરતાં ફ્રેન્ડસ એ વખતથી અજાણ હતા કે સુરભીને બધું સંભળાતું હતું.
આજે, એની આંખોની ભીનાશ જોઈને,
શું થયું સુરભી ?
કંઈ નહીં. બસ, સાચું ભાન આવ્યું એનો આનંદ છે.

# જ્ઞાનીઓ કહે છે...



નીચે આપેલી ખાલી જગ્યામાં જ્ઞાનીની ખૂટતી વાણી શોધવાની છે. જે તમને આ જ અક્રમ એક્સપ્રેસમાંથી મળશે. તો શોધો અને ખાલી જગ્યા પૂરો.

કોઈને એક શબ્દ વાંકો બોલાયો, કોઈની ..........
.............................................. અથવા
તો કોઈના માટે ઊંધા અભિપ્રાય હોય કે આ નકામો છે, કંઈ કામ નથી કરતો...એ ય જોખમ જ છે. કારણ કે અભિપ્રાય ....
..............................................
અને પેલાને ઘા વાગી જ જાય.

આ શબ્દો ..................................,
વીસ-વીસ ..................................
......................ભેદ પડી જાય ને જુદાઈ થઈ જાય.
એટલે એક શબ્દ વાંકો ના નીકળવો જોઈએ.



# ૨૫ વર્ષ

રવિવારનો દિવસ હતો. બધા બપોરે જમીને પરવાર્યા, એટલે કુશે કેરમ બોર્ડ ગોઠવ્યું.

"ચાલો મમ્મી...ચાલો પપ્પા...ઈટ્સ કેરમ ટાઈમ !" લવે જાહેરાત કરી.

"લવ અને મમ્મી પાર્ટનર્સ અને પપ્પા અને હું પાર્ટનર્સ." કુશે પોતાનો મત જાહેર કર્યો. લવે વાંધો ઉઠાવ્યો, "ના, ગયા રવિવારની જ જોડી આજે ફરી નથી રાખવી. આજે હું અને પપ્પા પાર્ટનર્સ." લવ કુશની કચકચ જોઈને, એમના પપ્પા રોનકભાઈએ સોલ્યુશન આપ્યું, "મારી પાસે એક બેટર આઈડિયા છે. મમ્મી-પપ્પા પાર્ટનર્સ અને લવ-કુશ પાર્ટનર્સ." બધા એગ્રી થયા અને રમવા લાગ્યા.

લવની નબળી રમત જોઈને કુશ અકળાઈ ગયો. "સાવ ડફોળ છે લવ. કેવું ડોબા જેવું રમે છે. ના આવડે તો કેરમ રમવાનું છોડી દે. પાંચમાં ધોરણમાં છે પણ તારા કરતા તો પહેલા ધોરણના છોકરાયે વધારે સારું રમતા હશે." કુશના આવાં આકરા વેણ સાંભળીને લવનું મોઢું પડી ગયું. ઉદાસ થઈને એ બીજા રૂમમાં ભાગી ગયો. મમ્મી લવની પાછળ દોડી, "લવ ! સાંભળને બેટા ! મારા કરતા તો તું ઘણું સારું રમે છે."

કુશના ચહેરા પર હજી અકળામણ દેખાઈ રહી હતી. પપ્પાએ ધીમે રહીને કુશના માથામાં હાથ ફેરવ્યો. કુશ થોડો નરમ પડ્યો. પોતાનો હાથ



લંબાવી, પપ્પાએ એક નિશાન બતાવ્યું, "યાદ છે કુશ, ગયા મહીને તમારા માટે સેન્ડવીચ બનાવતા મને ચપ્પુ વાગી ગયું હતું ?"

"હા પપ્પા, યાદ છે," કુશે ધીમે રહીને જવાબ આપ્યો.

"જો, એનો ઘા તો રુઝાઈ ગયો છે પણ ડાઘો થોડો રહી ગયો છે. હે ને ?" પપ્પાએ પૂછ્યું. કુશે ડોકું હલાવી "હા" પાડી.

"કુશ, જાણે છે, ચપ્પા કરતા પણ વધુ ખતરનાક કંઈક છે જેનો ઘા ક્યારેય નથી રુઝાતો ?" પપ્પાએ સહેજ નિસાસો નાખ્યો.


"એ શું છે પપ્પા ?" કુશે ઉત્સુકતાથી પૂછ્યું.

"દુઃખદાયી શબ્દ ! આક્ષેપમાં નીકળેલા શબ્દના ઘા સામાને વર્ષોના વર્ષો સુધી બળતરા આપી શકે. એ શબ્દના ઘા એવા હોય કે એ ક્યારેય ના રુઝાય. અને આ વાત મારાથી વધારે સારી રીતે કોણ જાણી શકે," પપ્પાના ચહેરા પર એક નિરાશા હતી.

પપ્પાનો ગમગીન ચહેરો જોઈને કુશ ગંભીર બની ગયો. "આઈ એમ સોરી પપ્પા ! શું તમને કોઈએ એવા શબ્દો કહ્યાં છે જેની બળતરા તમને વર્ષોથી થાય છે ?"

"ના બેટા ! કોઈએ મને નહીં, પણ મેં કોઈને એવા શબ્દો કહ્યાં હતા," બોલતા બોલતા પપ્પાની આંખ સામે એમના બાળપણના દિવસોના દ્રશ્યો એક પછી એક આવવા લાગ્યા અને એ ભૂતકાળમાં સરી ગયા...

અંડર સિક્સટીન સોકર ટુર્નામેન્ટની ફાઈનલ મેચ રમાઈ રહી હતી. હું સીટી કલ્બ ટીમનો કેપ્ટન અને ગોલી હતો. મારી જ ટીમમાં મારો પાક્કો દોસ્ત લલિત પણ હતો. લલિતે સામેની ટીમ સામે પેનલ્ટી શોટ મારવાનો હતો. ગેમ પૂરી રસાકસી ઉપર હતી અને પતવાના આરે હતી.



ગેમની છેલ્લી ૧૦ સેકન્ડ જ બાકી રહી હતી. સ્ટેડીયમ ખચાખચ ભરેલું હતું. ઓડીયન્સ અને ચીયર ટીમ, લલિતની હિંમત વધારવાના પ્રયત્નો કરી રહ્યા હતા. સામેની ટીમ ફક્ત એક જ ગોલથી આગળ હતી. હવે જો આ પેનલ્ટી શોટ, ગોલ થઈ જાય તો બંને ટીમનો સ્કોર સરખો થઈ જાય. ટાઈ બ્રેકર રાઉન્ડ થાય તો જીતવાની શક્યતા વધી જાય.

આખી ટીમના ખેલાડીઓએ લલિત પાસે આવીને, એકબીજાના ખભે હાથ મુકીને, સર્કલ બનાવ્યું. હું પણ ત્યાં ગયો.

બોલતા બોલતા પપ્પાના ગળામાં થોડો ડૂમો ભરાઈ ગયો. કુશ ગંભીરતાથી પપ્પાની વાત સાંભળી રહ્યો હતો. થોડો ખોંખારો ખાઈ પપ્પાએ વાત આગળ કહીં.

ઊંચા સ્વરે મેં લલિતને કહ્યું, "પાછલી સેમી ફાઈનલની ગેમ યાદ છે ને લલિત ? તારો પેલો સ્ટુપીડ શોટ ! બોલ પાસ કરવાને બદલે ડફોળની માફક દિશા ચૂકીને તેં ઊંધો માર્યો હતો. અને સામેની ટીમનો ગોલ થઈ ગયો હતો. એ તો મારી સોલીડ ગોલ કીપિંગથી આપણે જીત્યા હતા." તે વખતે મને ભાન જ નહોતું કે મારા આકરા શબ્દથી લલિતનો ચહેરો ફિક્કો પડી રહ્યો હતો. કોચે મને અટકાવ્યો અને લલિતનો ઉત્સાહ વધારવાનો પ્રયત્ન કર્યો, "કમોન લલિત, યુ કેન ડુ ઈટ. ચલો બોયઝ, ટેક યોર પોઝીશન્સ." અને ગેમ ફરી શરૂ થઈ.

થાકેલો લલિત ફોકસ કરવાની કોશિશ કરી રહ્યો હતો. એમાં મેં ફરી જોરથી બુમ પાડી, "લલિત, ડોન્ટ બી એ લુઝર અગેઈન ! ગોલ થવો જ જોઈએ, સમજ્યો ?" લલિતથી સહન ના થયું અને એની આંખો મીંચાઈ ગઈ. એક ઢીલી ઢસ કિક વાગી અને ચક્કર ખાઈને એ ત્યાં જ પડી ગયો.

"ઓહ નો" કુશના મોઢામાંથી નીકળી ગયું. આગળના દ્રશ્યનું વર્ણન કરવું પપ્પા માટે પણ અઘરું હતું. હિંમત ભેગી કરી એમણે વાત ચાલુ રાખી.

ડ્રેસિંગ રૂમમાં જ્યારે લલિત ભાનમાં આવ્યો ત્યારે એના કાને મારા આ શબ્દ પડ્યા. "લલિત લુઝરનો એ લુઝ શોટ અટકાવવો સામેની ટીમના ગોલી માટે સહેલો જ હતો. અને બસ...જીતવાની ગેમ હારી ગયા. જે ટ્રોફી, સળંગ ત્રણ વર્ષથી હું સીટી કલબને અપાવતો હતો, એ આજે હાથમાંથી જતી રહી." હાર સહન ન થતા હું કોચ આગળ બળાપો કાઢી રહ્યો હતો.

તે દિવસ બાદ બધા જ છોકરાઓ લલિતને "લલિત-લુઝર" કહીને ચીડવવા લાગ્યા. મશ્કરી અને આક્ષેપ સહન ના થતાં, થોડા જ દિવસોમાં લલિત એના મમ્મી-પપ્પા સાથે શહેર છોડીને જતો રહ્યો.

આ સાંભળી કુશને બહુ જ દુઃખ થયું. થોડી જ વાર પહેલાં લવને કહેલા આકરા શબ્દોનો એને ખુબ પસ્તાવો પણ થયો. એકદમ નરમ અવાજે એણે પૂછ્યું, "તો પપ્પા, તમે ફરી ક્યારેય લલિત અંકલને ના મળી શક્યા ?"

ત્યાં તો બારણા પરથી એક મોટો અવાજ આવ્યો, "મળ્યા ને ! ચોક્કસ મળ્યા..રોનક, તારા દીકરાને ખબર નથી ?"

અવાજ સાંભળીને પપ્પા અને કુશ ચોંકી

- અભિપ્રાય વાંકો હોય એટલે વાંકી વાણી નીકળી જ જાય.

ગયા. બારણા ઉપર ઉભેલા મહેમાનને જોઈને, પપ્પાએ તરત જ કુશને અંદરની રૂમમાં જવા કહ્યું.

"તું ક્યારે આવ્યો, લલિત ?" રોનકભાઈએ આશ્ચર્યથી પૂછ્યું. ત્યાં તો એમની નજર કેલેન્ડર પર ગઈ અને લલિતનું આવવાનું કારણ સમજાઈ ગયું.

"જ્યારે તારું ફલેશબેક ચાલું થયું ત્યારે," લલિતે અક્કડ થઈને કહ્યું, "તારા દીકરાને આખી કહાની સંભળાવી દીધી તો કહાનીનો એન્ડ ના કહ્યો કે જે લલિતને "લુઝર" કહીને તેં સંબોધ્યો હતો તે જ લલિત આજે તારા ઘર અને બીઝનેસનો માલિક છે. તારા મોઢેથી નીકળેલો એ "લુઝર" શબ્દ હું પચ્ચીસ વર્ષથી ભૂલ્યો નથી. પચ્ચીસ વર્ષથી મારા જીવનનું બસ એક જ લક્ષ હતું કે એ શબ્દના પડઘા તને પાછા આપું. આજે જો હવે, કોણ છે લુઝર, હં ? બાય ધ વે, કેવું લાગે છે પોતાના જ ઘરમાં ભાડુઆત તરીકે રહેવાનું ?" લલિત કટાક્ષમાં હાસ્યો.

"શ...શ, ધીરે બોલ લલિત, પ્લીઝ," રોનકભાઈએ લલિતને અટકાવ્યો, "છોકરાઓને આ વાતની ખબર નથી. આ લે તારું ભાડું ભાઈ, પણ છોકરાઓને એ વાતની જાણ ના થવા દઈશ," રોનકે લલિત સામે હાથ જોડ્યા, "દોસ્ત, કયા શબ્દોથી તારી પાસે માફી માંગુ,"રોનકભાઈની આંખોમાં આંસુ આવી ગયા, "મને ભાન જ નહોતું કે મારા એ શબ્દોનો ઘા તને પચ્ચીસ વર્ષ સુધી બળતરા અને ભોગવટો આપશે. બીઝનેસ પ્રોપર્ટી કે ઘર જવાનું દુઃખ નથી પણ તને ઠેસ પહોંચાડી તેનું ગીલ્ટ અસહ્ય છે. આજે મારાથી, મારા જ શબ્દોના પડઘાનો ઘોંઘાટ સહન નથી થતો.." બોલતા બોલતા રોનકભાઈ લલિતના પગે ઢળી પડ્યા.

દિલથી નીકળેલા રોનકભાઈના પશ્ચાતાપના શબ્દોથી લલિતનું કઠોર હૃદય પીગળી ગયું, "આ શું કરે છે યાર," કહી લલિતે રોનકને તરત ઊભો કર્યો અને ભેટી પડ્યો. રોનકના પસ્તાવાના બોલની મીઠાશમાં લલિતના ઘા રૂઝાઈ ગયા.

"જુઓ પપ્પા, મેં મારા બેસ્ટ ફ્રેન્ડ લવને 'સોરી' કહી મનાવી લીધો અને ફરી ફ્રેન્ડશીપ કરી લીધી," લવનો હાથ પકડી કુશ હસતો હસતો રૂમની બહાર આવ્યો. જોયું તો પપ્પા પણ પોતાના ફ્રેન્ડને ગળે મળી અત્યંત ખુશ હતા.

"મેં પણ," કહી પપ્પાએ પ્રેમથી લવ-કુશનું માથું ચૂમી લીધું.

## બારણા ઉપર ઉભેલા મહેમાનને જોઇને, પપ્પાએ તરત જ કુશને અંદરની રુમમાં જવા કહ્યું.




## હેતુ:

દોસ્તો ! તમે ક્યારેય એવો વિચાર કર્યો છે કે બીજા લોકો આપણી તરફ ખેંચાય એના માટે શું જોઈએ આપણામાં? ચાલો એજ એક પ્રયોગ દ્વારા સમજીએ કે આપણા શબ્દો અને વર્તનથી બીજાને કેવી કેવી અસરો થાય છે.

## જરૂરી વસ્તુઓ:

- એક પાણીથી ભરેલું મોટું બાઉલ
- મરીનો ભૂકો
- ખાંડ
- લિક્વિડ ડિટર્જન્ટ - વાસણ ધોવાનો સાબુ
- ચમચી
- ડ્રોપર - જેનાથી ટીપા પાડી શકાય




## આ રીતે કરો:



**સ્ટેપ ૧**

પાણીથી ભરેલું એક મોટું બાઉલ લો. એક ચમચી વડે મરીનો ભૂકો છાંટો. તે પાણીની સપાટી પર ફેલાય જશે



**સ્ટેપ ૨**

ડ્રોપરમાં વાસણ ધોવાનો સાબુ લઈ ૧-૨ ટીપાં પાણીની સપાટી પર પાડો.

**સ્ટેપ ૩**

હવે પાણીની સપાટીમાં જે ચોખ્ખો ભાગ બન્યો છે તેમાં થોડી ખાંડ નાખીને, ચમચી વડે હલાવો.



**સ્ટેપ ૪**

ફરી શું થાય છે તેની નોંધ લેવી.

## વિચારો:

જ્યારે આપણે વાસણ ધોવાનો સાબુ નાખ્યો ત્યારે શું થયું ? મરીનો ભુકકો તરત જ, બાઉલની કિનારી પાસે જતો રહ્યો. બરોબરને ? અને જ્યારે ખાંડ નીખી પાણી હલાવ્યું ત્યારે શું થયું ? બધો ભૂકકો પાછે ભેગો થઈ ગયો.

વધુ વિગત પેજ નં - ૧૮ પર

# આ તો
## નવી જ વાત !





સારા શબ્દો પોતાનું હિત કરે અને સામાનું હિત કરે. અને ખરાબ શબ્દો પોતાનું ય નુકસાન કરે અને સામાનું ય નુકસાન કરે.

કોઈની ગેરહાજરીમાં ય એને માટે વાંકો શબ્દ ન બોલાય. નહીં તો એને આપણી સાથે ભેદ પડી જાય. એને આપણા પર પ્રેમ જ ના આવે. એ આપણી પાસે આવે તો એને થાય કે, ખબર નહીં, આમની પાસે જઉં છું ને તો મજા નથી આવતી. આપણો વાંકો શબ્દ જ એને ઘા મારે. ભલે પ્રત્યક્ષ શબ્દ નથી બોલ્યા. તોય એને અસર એટલી બધી કરી શકે. કારણ કે અહીં બોલીએને તો ત્યાં પેલી વ્યક્તિને એના સ્પંદનો પહોંચી જાય.





કોઈ વ્યક્તિને ખરાબ કીધો, શબ્દથી કંઈ દુઃખ પહોંચાડ્યું, એ ઘા એની મહીં બિરાજેલા ભગવાનને પહોંચે છે. તેનાથી આપણા જ આત્મા પર આવરણ આવે છે. એ એક એક શબ્દને ધોવો પડશે.




જ્ઞાની એક કલાકની જ્ઞાનવિધિમાં જેટલું બોલાવે એટલું બોલેને તો આત્મા પ્રગટ થઈ જાય. ત્યારે એ શબ્દોમાં કેટલી શક્તિ હશે ! અને આપણે નેગેટિવ બોલીએ એમાં માણસ ડીફોર્મ થતો જાય.



# ઐતિહાસિક ગૌરવગાથા

(અયોધ્યાના રાજ હરિચંદ્રના એકના એક પુત્ર પૃથ્વીચંદ્રને યુવાન થતાં સંયમ અંગીકાર કરવાનો ભાવ થયો. પરંતુ માતા પિતાના આગ્રહને વશ થઈ આઠ સ્ત્રીઓ સાથે લગ્ન કર્યા. આઠે કન્યાઓને એમણે સંયમ લેવા તૈયાર કરી. ત્યાં માતા પિતાએ એમને રાજ્ય સંભાળવાની જવાબદારી સોંપી.એક દિવસ રાજસભામાં સુધન નામના ધનાઢ્ય વેપારીએ એક આશ્ચર્ય હવે આગળ વાંચીએ.)

"હે રાજેશ્વર, હું ગજપુર નગરથી આવ્યો છું. ગજપુરમાં રત્નસંચય નામના મોટા શ્રેષ્ઠી*વસે છે. તેમનાં પત્નીનું નામ છે સુમંગલા અને પુત્રનું નામ છે ગુણસાગર.

એક દિવસ નગરના રાજમાર્ગ પરથી પસાર થતા ગુણસાગરે એક મુનિરાજને જોયા. જોતાં જ તેનું મન વિરક્ત*બની જાય છે. સંયમધર્મ ગ્રહણ કરવા તત્પર બની જાય છે. તેણે માતા-પિતાને કહ્યું, "હે માતાજી, હે પિતાજી, તમે મને સુખી કરવા ઈચ્છતા હો તો મને સંયમ માર્ગે જવાની અનુમતિ આપો. સંયમ ધર્મ પામીને જ હું સુખી થઈશ."

માતા-પિતાએ કહ્યું, "બેટા, સંયમમાર્ગે જતાં તને અમે રોકીશું નહીં. તારું સુખ એ જ અમારું સુખ છે. પરંતુ અમારી એક ઈચ્છા છે કે તું લગ્ન કર. અમે આઠ સુંદર શ્રેષ્ઠી કન્યાઓ સાથે તને પરણાવવા ઈચ્છીએ છીએ. તું પરણીને ભલે બીજા જ દિવસે સંયમ ધર્મ ગ્રહણ કરજે. અમે તને અનુમતિ આપીશું."

ગુણસાગરે લગ્ન કરવાની સંમતિ આપી.

શેઠ રત્નસંચયે આઠ શ્રેષ્ઠી કન્યાઓનાં માતા-પિતાને જાણ કરી દીધી કે, "લગ્ન પછી બીજા જ દિવસે અમારો પુત્ર સંયમ અંગીકાર ઈચ્છે છે. એટલે તમારે તમારી કન્યાઓને પરણાવી હોય તો પરણાવો."

આઠે કન્યાઓના પિતાઓ ભેગા થયા. વિચારણા કરી, 'લગ્ન કરીને જો ગુણસાગર સાધુ થવાના હોય તો એમને કન્યાઓ શા માટે પરણાવવી ? આપણે બીજા કોઈ શ્રેષ્ઠીપુત્રને પરણાવીશું.'

આ વાત આઠ કન્યાઓના કાને ગઈ. તેઓ ભેગી થઈ. પરસ્પર વાર્તાલાપ કરી નિર્ણય કર્યો, 'આપણે પરણીશું તો ગુણસાગરને જ. એ ગૃહવાસમાં રહેશે તો આપણે ગૃહવાસમાં રહીશું અને એ સંયમ લેશે તો આપણે પણ સંયમ લઈશું. એ જે કરે તે આપણે કરવાનું.'

કન્યાઓએ પોતાનો નિર્ણય પોતાપોતાનાં માતા-પિતાને જણાવી દીધો. માતા-પિતાઓએ પુત્રીઓની ઈચ્છા માન્ય રાખી.

લગ્નમંડપમાં ગુણસાગર અને આઠે કન્યાઓના મનમાં ધર્મધ્યાન ચાલી રહ્યું હતું. લગ્ન પછી બધાએ જ સંયમ ધર્મ સ્વીકારવાનો છે. એટલે સંયમધર્મની આરાધનાનું કલ્પનાચિત્ર દોરતાં દોરતાં સમતામાં સ્થિર થઈ ગયા. ગુણસાગર અને આઠે કન્યાઓ વીતરાગ બની ગયા. કેવળજ્ઞાની બની ગયા.

આકાશમાં દેવોએ દુંદુભિ*વગાડી. પુષ્પવૃષ્ટિ કરી. કેવળજ્ઞાની ગુણસાગરનો જય હો. આઠ કન્યાઓનો જય હો. લગ્નમંડપ કેવળજ્ઞાનના મહોત્સવનો મંડપ થઈ ગયો.

મહોત્સવ કરવા દેવલોકના દેવો ઊતરી આવ્યા. ગુણસાગર અને આઠેય કન્યાઓને સાધુવેશ આપ્યો અને સ્વર્ણકમળ*પર આરૂઢ*કર્યા.

ગુણસાગરનાં માતા-પિતા આ દિવ્ય ઘટના જોઈને સમતાયોગમાં સ્થિર થઈ ગયાં. અને કેવળજ્ઞાની બન્યાં. દેવોએ એમનો પણ જયજયકાર કર્યો. સાધુવેશ આપ્યો અને સ્વર્ણકમળ પર આરૂઢ કર્યા.

હજારો નગરજનો કેવળજ્ઞાની બનેલા બનેલા સમગ્ર પરિવારનાં દર્શન-વંદન કરવા ઊમટ્યાં. હું ગુણસાગર પાસે ગયો. મેં કહ્યું, "હે ભગવંત, આવું દિવ્ય આશ્ચર્ય તો મેં પહેલીવાર જ જોયું. હું તો દેશ-વિદેશોમાં ફરનારો સાર્થવાહ છું. આ તો બધું અપૂર્વ જોયું."

મને કેવળજ્ઞાનીએ કહ્યું, "હે મહાનુભવ, આ આશ્ચર્યથી પણ ચઢિયાતું આશ્ચર્ય તમે અયોધ્યામાં જોશો."

- વાણીના આધારે કેટલા મોટા દોષો બાંધી નાંખે છે.

એ સાંભળીને હું ચકિત થઈ ગયો. સર્વે કેવળજ્ઞાનીનાં દર્શન કરી મેં અયોધ્યાની વાટ પકડી અને આજે હું અહીં આવ્યો છું. હે નરેશ્વર,* આપની કૃપાથી એ વિશિષ્ટ આશ્ચર્ય હું અહીં જોવા ઈચ્છું છું."

એમ કહી સુધન પોતાના સુખાસન પર બેસી ગયા.

ખૂબ શાંતિથી, સ્વસ્થતાથી, એકાગ્રતાથી રાજા પૃથ્વીચંદ્રે સુધન શ્રેષ્ઠીની દિવ્ય વાર્તા સાંભળી. એમની મનઃસ્થિતિ કમળવત્ નિર્લેપ, ચંદ્ર જેવી શીતળ બનતી જતી હતી.

'ધન્ય ગુણસાગર તમે ભવસાગર તરી ગયા. હું પિતાશ્રીના આગ્રહને વશ બની રાજા બની ગયો. હવે ક્યારે મુનિ બનીશ... ક્યારે મારો આત્મા પરમવિશુદ્ધ બનશે !'

અને એ વીચારધારા ઉંચે ચડતાં ચડતાં કર્મો ક્ષય થતાં ગયા અને પૃથ્વીચંદ્રને સિંહાસન પર બેઠાં બેઠાં કેવળજ્ઞાન પ્રગટી ગયું.

દેવોએ જયજયકાર કર્યા.

રાજસભાના ગોખમાં બેઠેલી આઠ રાણીઓએ આ અદ્ભૂત દ્રશ્ય જોયું. કેવળજ્ઞાનનું પ્રાગટ્ય અને દેવોનું આગમન... આ બધું જોઈને આઠે રાણીઓ પણ ધર્મધ્યાનમાં લીન બની. આઠે રાણીઓનાં મનમાં એકસરખા ભાવ. એકસરખાં પરિણામ. મન-વચન-કાયાના યોગો સમતાભાવમાં સ્થિર બન્યા. આત્માએ પૂર્ણતા પામી લીધી. આઠે રાણીઓને કૈવલ્યની પ્રાપ્તિ થઈ.

શાસનદેવીઓ પ્રગટ થઈ. તેમણે રાણીઓ ઉપર પુષ્પવૃષ્ટિ કરી.

સુધનને અવર્ણીનય આનંદ થયો. તેણે સર્વ કેવળજ્ઞાનીઓને ભાવથી વંદન કર્યા. તેણે પૃથ્વીચંદ્ર ભગવંતને કહ્યું, "હે પ્રભુ ગજપુર કરતાંય ચઢિયાતું આશ્ચર્ય અહીં જોયું. ધન્ય તમારું કુળ. ધન્ય તમારા માતા-પિતા અને ધન્ય તમારી આઠ રાણીઓ."

**અર્થ:** શ્રેષ્ઠી-શેઠ, વિરક્ત-વૈરાગી, દુંદુંભિ-શરણાઈ જેવું વાંજીત્ર, સ્વર્ણકમળ-સોનાનું કમળ, આરૂઢ-બેઠેલું (બેસાડવું), નરેશ્વર- રાજા.



આ ગંદુ છે. ચલ આપણે બીજું રમકડું લઈ લેશું..!
(જેવું ખબર પડે, કે આ મોંઘું છે, કે તરત તે ગંદુ બની જાય..!)

જો..જો... ! કીડી મરી ગઈ..!!
(સાલું, વાગ્યું હોય આપણને, અને મરી જાય કીડી..? કમાલ છે..!)

# હસો અને હસાવો...

## નાનપણમાં કેટ-કેટલીય વાર સાંભળેલી વાતો:

તું તો ડાહ્યો દીકરો છે ને મારો..?
(હા.. તો શું એમ કરીને બધા કામ કરાવી લેવાના..?)

સુઈ જા, નહીં તો બાવો આવશે..!
(હા જાણે બધા બાવા નવરા જ બેઠા હોય ને..!)

અધૂરી વિગત
પેજ નં - ૧૩ પરની

## અક્રમ સાયન્સ કહે છે...

ધારો કે પાણી એ આપણી સ્કૂલ છે. મરીનો ભૂક્કો એ આપણી આસપાસના લોકો (મિત્રો, ટીચર અને વર્ગના બીજા વિદ્યાર્થીઓ) વાસણ ધોવાનો સાબુ, એ આપણા કઠોર અને તંતીલા શબ્દો. ખાંડ એ આપણા મીઠાં અને મૃદુ શબ્દો.

મરીનો ભુક્કો સાબુથી વિખેરાઈ ગયો એમ જ્યારે આપણે કઠોર અને તંતીલા શબ્દો બોલીએ છીએ ત્યારે લોકો આપણાથી દૂર જતા રહે છે જેમ ખાંડ નાખવાથી મરીનો ભુક્કો પાછો આવી ગયો. એમ આપણે જ્યારે મૃદુ અને રૂજુ (મીઠાં) શબ્દો બોલીએ ત્યારે આપોઆપ બધા આપણી તરફ આકર્ષાઈ / ખેંચાય આવે છે.

તો હવે તમને સમજાઈ ગયું ને, સ્કૂલમાં અમુક લોકો કેમ પોપ્યુલર હોય છે અને અમુક નહીં ...તમને કોના જેવું બનવું ગમશે ?



Scan QR code અને આ એક્સપરીમેન્ટ જુઓ.
https://kids.dadabhagwan.org/fun-zone/experiment-corner/effect-of-our-words/












# ગુરુપૂર્ણિમાની ઝલક












- આ શબ્દો એટલા બધા દુઃખ આપે છે, વીસ-વીસ વર્ષ, પચ્ચીસ વર્ષ મહી વેરના ભોગવટા આપ્યા કરે. મહીં દ્વેષ થયા કરે.

Akram Express

**August 2019**
**Year : 11, Issue : 12**
**Conti. Issue No.: 132**

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post Office
on 08th of every month

# મને કહેશો હું તમને કેવો લાગું છું ?

તો તમારા મોબાઈલથી Scan કરો QR code

OR

ટાઈપ કરો - https://bit.ly/2Yocvb3

### અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં **# #** હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.